તા. 28-07-2024

સમય : સવારે 9.00(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 28-07-2024 સવારે : 9.00 થી 9.10

વાર : રવિવાર

આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પરથી પ્રસારિત 'મન કી બાત કાર્યક્રમ'માં પોતાના વિચારો રજૂ કરશે
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિવિધ રાજ્યોમાં રાજ્યપાલોની નિમણૂંક કરી
- ✓ વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકર આજથી જાપાનના બે દિવસીય પ્રવાસે, ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેશે.
- ✓ ભારતીય હવામાન વિભાગે ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશના કેટલાંક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી
- ✓ પેરિસ ઓલિમ્પિકના પ્રથમ દિવસે જુદી જુદી રમતોમાં ભારતીય ખેલાડીઓએ શાનદાર શરૂઆત કરી
- ✓ આજે મહિલા એશિયાકપ ટી-20ની ફાયનલમાં ભારત અને શ્રીલંકા વચ્ચે મુકાબલો
- ✓ અને ભારત શ્રીલંકા વચ્ચેની બીજી T-20 મેચ આજે રમાશે – ગઈકાલે પ્રથમ મેચમાં શ્રીલંકાને 43 રને હરાવ્યું

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

તા. 28-07-2024

સમય : સવારે 9.00(નેશનલ)

# *MANN KI BAAT*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચાર રજૂ કરશે. સવારે અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ આ કાર્યક્રમનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્ર પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે. ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમ જ માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

તા. 28-07-2024

સમય : સવારે 9.00(નેશનલ)

# *PREZ - GOVERNOR APPOINTMENT*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિવિધ રાજ્યોમાં રાજ્યપાલોની નિમણૂક કરી છે. મહારાષ્ટ્ર વિધાનસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ  હરિભાઉ કિસનરાવ બાગડેને રાજસ્થાનના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

ત્રિપુરાના પૂર્વ નાયબ મુખ્યમંત્રી જિષ્ણુ દેવ વર્મા તેલંગાણાના રાજ્યપાલ બનશે. રાજસ્થાનના પૂર્વ રાજ્યસભા સાંસદ ઓમ પ્રકાશ માથુરને સિક્કિમના રાજ્યપાલ અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સંતોષકુમાર ગંગવારને ઝારખંડના રાજ્યપાલ નિયુક્ત કરવામાં આવ્યા છે. આસામના ભૂતપૂર્વ લોકસભા સાંસદ રામેન ડેકાને છત્તીસગઢ અને કર્ણાટકના ભૂતપૂર્વ મંત્રી સી.એચ. વિજયશંકરને મેઘાલયના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે.

ઝારખંડના વર્તમાન રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણનને મહારાષ્ટ્રના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે તો આસામના વર્તમાન રાજ્યપાલ ગુલાબચંદ કટારિયાને પંજાબના રાજ્યપાલ અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢના પ્રશાસક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

સિક્કિમના વર્તમાન રાજ્યપાલ લક્ષ્મણ પ્રસાદ આચાર્યને આસામના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમને મણિપુરના રાજ્યપાલનો વધારાનો હવાલો પણ આપવામાં  આવ્યો છે. ભારતીય વહીવટી સેવાના ભૂતપૂર્વ અધિકારી કે. કૈલાશનાથનને પુડુચેરીના  લેફ્ટનન્ટ ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

તા. 28-07-2024

સમય : સવારે 9.00(નેશનલ)

# *JAISHANKAR---JAPAN.RTF*

વિદેશમંત્રી ડૉ. એસ જયશંકર જાપાનની બે દિવસની મુલાકાતે આજે સવારે ટોક્યો  પહોંચ્યા છે. જાપાનમાં ભારતના રાજદૂત સિબી જ્યોર્જે હવાઈ મથકે તેમનું સ્વાગત કર્યું હતું. ડો જયશંકર જાપાનના વિદેશ મંત્રી યોકોકામિકાવાના આમંત્રણ પર જાપાન ગયા છે.

ડૉ. જયશંકર આવતીકાલે જાપાનમાં ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેશે. કવાડ સભ્યોમાં ભારત, જાપાન, અમેરિકા અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે. આ ચાર  દેશોના વિદેશ મંત્રી ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ન્યૂયોર્કમાં મળેલી બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગે  વધુ ચર્ચા કરશે. હિન્દ પ્રશાંત ક્ષેત્રમાં વિકાસ, આ ક્ષેત્રની સ્વતંત્રતા જાળવવા ભાવિ સહયોગ  અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવશે.

તા. 28-07-2024

સમય : સવારે 9.00(નેશનલ)

# *IMD RAIN*

હવામાન વિભાગે ગુજરાત સહિત દેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. સૌરાષ્ટ્રઅને કચ્છ ઉપરાંત પૂર્વીય રાજસ્થાનમાં ઑરેન્જ અલર્ટ જાહેર કરાયું છે. તો મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને તટિય કર્ણાટક, છત્તીસગઢ, વિદર્ભ, કોંકણ અને ગોવાના અંતરિયાળ ભાગોમાં ભારે વરસાદ પડી શકે છે.

આ તરફ પૂર્વીય અને ઉત્તર પૂર્વીય ભાગોમાં આગામી ચાર દિવસમાં ભારે વરસાદની આગાહી છે. ઉપરાંત હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વીય રાજસ્થાન, જમ્મૂ કાશ્મીર, લદ્દાખ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી ઉત્તર પ્રદેશમાં આગામી ચાર દિવસમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

તા. 28-07-2024

સમય : સવારે 9.00(નેશનલ)

# *BJP CM MEET*

ભારતીય જનતા પાર્ટી શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓની એક બેઠક ગઈકાલે નવી દિલ્હીમાં યોજાઈ હતી. આ બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ભાજપ અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડા અને ગૃહમંત્રી અમિત શાહ પણ ઉપસ્થિત હતા. શ્રી મોદીએ બેઠકમાં હાજર રહેલા મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓ સાથે ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરી.

ભાજપ નિયમિત અંતરે આવી બેઠકો યોજે છે. તેનો ઉદ્દેશ્ય રાજ્યોમાં યોજનાઓની સમીક્ષા કરવાનો અને કેન્દ્ર સરકારની કલ્યાણકારી પહેલોનો લાભ સામાન્ય લોકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવાનો છે.

તા. 28-07-2024

સમય : સવારે 9.00(નેશનલ)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરી શકો છો...

તા. 28-07-2024

સમય : સવારે 9.00(નેશનલ)

# *OLYMPICS---DAY-1-WINNERS.RTF*

પેરિસ ઓલિમ્પિકનો પ્રથમ દિવસ ભારતીય ખેલાડીઓ માટે સિદ્ધિઓથી ભરેલો રહ્યો હતો.. 10 મીટર એર રાઈફલ વિમેન્સ ઈવેન્ટમાં, મનુ ભાકરે 580 પોઈન્ટ અને 27 ઈનર્સના કુલ શક્તિશાળી સ્કોર સાથે ક્વોલિફિકેશનમાં ત્રીજું સ્થાન મેળવ્યા બાદ ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો હતો.

ભારતીય પુરૂષહોકી ટીમે પણ ગઈકાલે રાત્રે યવેસ-ડુ-મનોઈર સ્ટેડિયમ ખાતે તેમની શરૂઆતની પૂલ-બી મેચમાં ન્યુઝીલેન્ડ સામે 3-2થી જીત સાથે તેમના અભિયાનની શરૂઆત કરી હતી. સુકાની હરમનપ્રીત સિંઘના પેનલ્ટી સ્ટ્રોકની એક મિનિટ બાકી હતી ત્યારે જ  ન્યુઝીલેન્ડને હરાવવામાં સફળ રહ્યા હતા. ભારતનું બેડમિન્ટન અભિયાન પણ જોરદાર રીતે શરૂ થયું.

ડબલ્સમાં, ચિરાગ શેટ્ટી અને સાત્વિક સાઈરાજ રેન્કીરેડ્ડીની જોડીએ તેમની પ્રથમ ગ્રૂપ સ્ટેજની મેચમાં 40મા, 21-17, 21-14 ક્રમાંકિત ફ્રેન્ચ શટલર્સ લુકાસકોર્વે અને રોનન લાબરને હરાવીને આરામદાયક જીત નોંધાવી હતી. પુરુષોના સિંગલ્સના ગ્રુપ એલ મેચમાં  લક્ષ્ય સેને  ગ્વાટેમાલાના ઓલિમ્પિયન કેવિન કોર્ડનને 21-8, 22-10થી હરાવ્યા   હતા. મહિલા બોક્સિંગ સ્પર્ધામાં પ્રીતિ પવારે 54 કિગ્રા વજન વર્ગમાં વિયેતનામની વો-ટી-કિમ-એનને પાંચ-શૂન્યથી હરાવીને આગળના રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો છે.

તા. 28-07-2024

સમય : સવારે 9.00(નેશનલ)

# *OLYMPICS---INDIA-SCHEDULE.RTF*

પેરિસ ઓલિમ્પિકના બીજા દિવસે શૂટર મનુ ભાકર ભારત માટે મેડલ ટેલીની શરૂઆત કરવાનો પ્રયાસ કરશે. તે આજે ચેટોરોક્સ શૂટિંગ સેન્ટર ખાતે મહિલાઓની 10 મીટર એર રાઈફલ ઈવેન્ટની ફાઇનલમાં ભાગ લેશે. આ મેચ બપોરે 3.30 કલાકે શરૂ થશે. મહિલા અને પુરુષોની 10 મીટર એર રાઇફલ્સ ક્વોલિફિકેશનમાં, રમિતા જિંદાલ અને ઇલાવેનિલ વાલારિવાન, સંદીપ સિંહ અને અર્જુન બબુતા આજે બપોરે સ્પર્ધા કરશે.

ભારતીય ખેલાડીઓ આજે તીરંદાજી, ટેબલ ટેનિસ અને બેડમિન્ટનમાં પણ ભાગ લેશે. મહિલા તીરંદાજીમાં દીપિકા કુમારી, અંકિતા ભગત અને ભજન કૌરની ત્રિપુટી આજે ક્વાર્ટર ફાઈનલ જીતીને મેડલ મેળવવાના ઈરાદા સાથે સેમિફાઈનલમાં પ્રવેશશે. આ મેચ આજે સાંજે 5.45 કલાકે શરૂ થશે. મહિલા સિંગલ્સ બેડમિન્ટનમાં, બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુ બપોરે 12 વાગીને 45 મિનિટે ગ્રુપ સ્ટેજની મેચમાં પાકિસ્તાનની ફાતિમથ અબ્દુલ રઝાક સામે તેના અભિયાનની શરૂઆત કરશે. જ્યારે મેન્સ સિંગલ્સ કેટેગરીમાં એચ.એસ. પ્રણોય આજે ગ્રુપ સ્ટેજમાં જર્મનીના ફેબિયન રોથ સામે ટકરાશે.

મેન્સ સિંગલ ટેનિસમાં ભારતના સુમિત નાગલનો પ્રથમ રાઉન્ડમાં ફ્રાન્સના કોરેન્ટિન મૌટેત સામે મુકાબલો થશે. મેન્સ ડબલ્સ કેટેગરીમાં, રોહન બોપન્ના અને શ્રીરામ બાલાજીની ભારતીય જોડી ગેલ મોનફિલ્સ અને એડૌર્ડ રોજર વેસેલિનની ફ્રેન્ચ જોડી સામે ટકરાશે. પ્રથમ રાઉન્ડની આ બંને મેચ આજે બપોરે 3.30 કલાકે શરૂ થશે. દરમિયાન, પેરિસ ઓલિમ્પિકમાં ભારતની સૌથી યુવા એથ્લેટ ધિનિધિ દેશિંગુ આજે બપોરે મહિલાઓની 200 મીટર ફ્રી સ્ટાઇલ સ્વિમિંગમાં ભાગ લેતી જોવા મળશે. જ્યારે શ્રીહરિ પુરુષોની 100 મીટર બેક સ્ટ્રોક સ્વિમિંગ ઈવેન્ટમાં ભાગ લેશે.

.......2.......

તા. 28-07-2024

સમય : સવારે 9.00(નેશનલ)

બે વખતની વર્લ્ડ ચેમ્પિયન બોક્સર નિખાત ઝરીન પણ આજે મહિલાઓની 50 કિગ્રા બોક્સિંગ ઈવેન્ટમાં પોતાના અભિયાનની શરૂઆત કરશે. તેનો મુકાબલો જર્મનીની મેક્સી કેરિના ક્લોત્ઝર સામે થશે. આ મેચ બપોરે 3.50 વાગ્યાથી રમાશે. ટેબલ ટેનિસ વિમેન્સ સિંગલ્સમાં શ્રીજા અકુલાનો મુકાબલો સ્વીડનની ક્રિસ્ટીના કાલબર્ગ સાથે બપોરે 2.15 મિનિટેશરૂ થશે. તે જ સમયે મનિકા બત્રાનો મુકાબલો સાંજે 4.30 વાગ્યે બ્રિટનની અન્ના હર્સી સામે થશે. મેન્સ સિંગલ્સ કેટેગરીમાં ભારતનો શરથ કમલ બપોરે 3 વાગ્યે સ્લોવેનિયા નાદાની કોઝુલ સામે અને હરમીત દેસાઈ ફ્રાન્સના ફેલિક્સ લેબ્રુન સામે સવારે 11.30 વાગ્યે ટકરાશે. રોઇંગ મેન્સ સિંગલ સ્કલ્સ રિપેચેજ ઇવેન્ટમાં, ભારતના બલરાજ પંવાર બપોરે 1:18 વાગ્યે સ્પર્ધા કરશે.

તા. 28-07-2024

સમય : સવારે 9.00(નેશનલ)

# WOMEN ASIA CUP FINAL

મહિલા T20 એશિયા કપ ક્રિકેટની આજે રમાનારી ફાઇનલમાં વર્તમાન ચેમ્પિયન ભારતનો મુકાબલો શ્રીલંકા સાથે થશે. મેચ રંગીરી દામ્બુલા ઇન્ટરનેશનલ સ્ટેડિયમમાં બપોરે ત્રણ વાગ્યે શરૂ થશે. હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની મહિલા ટીમમાં ટોપ-ઓર્ડર બેટ્સમેન સ્મૃતિ મંધાના અને શફાલી વર્મા સારા ફોર્મમાં છે  બીજી તરફ બોલરો પણ કોઈ કસર છોડી રહ્યા નથી. દીપ્તિ શર્મા નવ વિકેટ સાથે ટુર્નામેન્ટની સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે, જ્યારે રેણુકા સિંહે સાત વિકેટ લીધી છે.

તા. 28-07-2024

સમય : સવારે 9.00(નેશનલ)

# *INDIA-SRI LANKA-T20*

ભારતે ગઈકાલે પ્રથમ T-20 મેચમાં શ્રીલંકાને 43 રનથી હરા આપી. આ જીત સાથે ભારત ત્રણ મેચની શ્રેણીમાં એક-શૂન્યથી આગળ છે. શ્રેણીની બીજી મેચ આજે સાંજે 7 વાગે રમાશે.

નવા મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને નવા સુકાની સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં ભારતે શ્રીલંકા સામેની દ્વિપક્ષીય T20 શ્રેણીમાં વિજયી શરૂઆત કરી છે. ભારતે નિર્ધારિત 20 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને 213 રન બનાવ્યા હતા જેમાં સુર્યકુમાર યાદવે 58 રન કર્યા હતા. લક્ષ્યાંકનો પીછો કરતાં શ્રીલંકા ટીમ 170 રનમાં જ રમેટાઇ ગઇ હતી. સૂર્યકુમાર યાદવને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

તા. 28-07-2024

સમય : સવારે 9.00(નેશનલ)

# *STEEL PRODUCTION – INDIA*

કેન્દ્રિય સ્ટીલ સચિવ નાગેન્દ્રનાથ સિન્હાએ જણાવ્યું છે કે સરકારી માળખાકીય યોજનાઓની વધુ માંગને કારણે ભારતમાં સ્ટીલનું ઉત્પાદન 2030 સુધીમાં 300 મિલિયન  ટનને પાર થવાની ધારણા છે.

ગઈકાલે  દિલ્હીમાં ઈન્ડિયા ચેમ્બર ઓફ કોમર્સમાં બોલતા તેમણે કહ્યું હતું કે   માળખાકીય સુવિધા પર ધ્યાન કેન્દ્રિત કરવાને કારણે સ્ટીલની માંગ વધારે છે અને લગભગ  10 ટકા વૃદ્ધિ થવાની સંભાવના છે. શ્રી સિંહાએ જણાવ્યું હતું કે જીડીપીમાં વૃદ્ધિ તથા સરકારી  અને ખાનગી બંને ક્ષેત્રોમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર સતત ભારને કારણે સ્ટીલની માંગ મજબૂત રહેશે.

આ સપ્તાહની શરૂઆતમાં સ્ટીલ અને ભારે ઉદ્યોગ મંત્રી એચ.ડી. કુમાર સ્વામીએ  ડીઝલની આયાત પર દેખરેખ રાખવા માટે બનેલ પોર્ટલ SIMSEનું બીજું સંસ્કરણ લોન્ચ કર્યું હતું.

તા. 28-07-2024

સમય : સવારે 9.00(નેશનલ)

# *AMARNATHYATRA- JAMMU*

જમ્મૂ કાશ્મીરમાં પવિત્ર અમરનાથ યાંત્રા શાંતિપૂર્ણ રીતે આગળ વધી રહી છે. એક હજાર 677 શ્રદ્ધાળુઓનું વધુ એક જૂથ જમ્મુના ભગવતી નગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી અમરનાથ ગુફાના દર્શન માટે રવાના થયું હતું. શ્રદ્ધાળુઓ આજે વહેલી સવારે 67 જેટલા વાહનોના કાફલામાં બેઝ કેમ્પથી નીકળ્યા હતા. આ જૂથમાં 1343 પુરૂષો, 228 મહિલા, 02 બાળક, 83 સાધુ અને 21 સાધ્વીઓ સામેલ છે.

તા. 28-07-2024

સમય : સવારે 9.00(નેશનલ)

# *VENEZUELAPRESIDENTIAL ELECTION*

વેનેઝુએલામાં આજે નવા રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન થશે. વિપક્ષના સંયુક્ત ઉમેદવાર ભૂતપૂર્વ રાજદ્વારી એડમન્ડો ગોન્ઝાલેઝઉરુટિયાને સત્તાધારી યુનાઇટેડ સોશિયાલિસ્ટ પાર્ટીના ઉમેદવાર અને વર્તમાનરાષ્ટ્રપતિ નિકોલસ માદુરોના મુખ્ય પ્રતિદ્વંદી માનવામાં આવે છે. શ્રી માદુરોએ ગુરુવારે રાજધાની કારાકસમાં એક વિશાળ મંચ પર તેમના સમર્થકોને સંબોધિત કરીને તેમના ચૂંટણી અભિયાનનો અંત કર્યો હતો.

તા. 28-07-2024

સમય : સવારે 9.00(નેશનલ)

# *US TRUMP*

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ અને અગામી ચૂંટણી માટે રિપબ્લિકન પક્ષના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે ચૂંટણીમાં જીત્યા તો અમેરિકાને ક્રિપ્ટો કેપિટલ અને વિશ્વની બિટકોઈન મહાસત્તામાં બનાવવાનું વચન આપ્યું છે.

નેશવિલેમાં બિટકોઈન 2024 સંમેલનમાં બોલતા, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિએ તેમના શાસનમાં ક્રિપ્ટોકરન્સી નીતિના ઘડતર માટે સલાહ પરિષદની રચના કરવાનું વચન પણ આપ્યું. વધુમાં તેમણે સુરક્ષા અને વેપાર પંચ-SECના વર્તમાન અધ્યક્ષને બરતરફ કરવાનું વચન પણ આપ્યું, જેમણે ડાર્ક નેટ પ્લેટફોર્મ સિલ્ક રૂટ માર્કેટ ચાલવતા એક ગુનેગારને જેલમાંથી મુક્ત કર્યો હતો.

તા. 28-07-2024

સમય : સવારે 9.00(નેશનલ)

# PM GOVERNING COUNCIL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, વિકસિત ભારત એટ ધ રેટ 2047 દરેક ભારતીયની મહત્વાકાંક્ષા છે. રાષ્ટ્રપતિ ભવનના સાંસ્કૃતિક કેન્દ્રમાં નીતિ આયોગની નવમી ગવર્નિંગ કાઉન્સીલની બેઠકને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, લોકો સાથે સીધા જ જોડાયેલા હોવાના કારણે રાજ્ય આ ઉદ્દેશ્યને હાંસલ કરવામાં એક મહત્વની ભૂમિકા નિભાવી શકે છે. શ્રી મોદીએ કહ્યું, આ દાયકો ટેકનોલૉજી અને ભૂ-રાજનીતિ તથા તક માટે પરિવર્તનનો છે. ભારતે આ તકનો લાભ લઈ આંતરરાષ્ટ્રીય રોકાણ માટે અનુકૂળ નીતિ બનાવવાની જરૂર છે. તેમણે કહ્યું કે, વિકસિત ભારત એટ ધ રેટ 2047ના સ્વપ્નોને તમામ રાજ્યના સહિયારા પ્રયાસમાં પૂર્ણ કરી શકાય છે.